ક્રમાંક. ક - ૩/૫૨ચ/૨૦૨૬/ ૧૦૬૦૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.૦૯/૧૦/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

(૯)

# કમિશનર શાળાઓની કચેરી

બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, પુનીત વનની સામે, સેકટર - ૧૯, ગાંધીનગર, ગુજરાત રાજ્ય

E-mail Id: jointdirectors@gmail.com ssmadhyamik3@gmail.com

ક્રમાંક: ધ/પરચ/માધ્યમિક/૨૦૨૬/ 5405 - 46 તા. ૩૦/૦૯/૨૦૨૬

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ

વિષય: સંત શિરોમણિ શ્રી રવિદાસજીની ૬૫૦ મી જન્મજયંતિ નિમિત્તે ધોરણ- ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે 'ઓનલાઈન ક્વિઝ' તથા શાળાઓની પ્રાર્થના સભામાં પ્રેરણાત્મક ઉદબોધન યોજવા બાબત

સંદર્ભ: અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાતના પત્ર ક્રમાંક: ૯૭૫, તા. ૧૪/૦૯/૨૦૨૬

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંત શિરોમણી શ્રી રવિદાસજીની ૬૫૦ મી જન્મજયંતી નિમિત્તે વિદ્યાર્થીઓમાં સંત પરંપરા, સમરસતા, સામાજિક એકતા, સમાનતા, શ્રમની પ્રતિષ્ઠા તથા માનવમૂલ્યો પ્રત્યે જાગૃતિ કેળવવાના હેતુથી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ દ્વારા સમગ્ર ગુજરાતની તમામ સરકારી, ગ્રાન્ટેડ તથા સેલ્ફ ફાઈનાન્સ શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે તા. 04/10/2026, રવિવાર સમય: સવારે ૯.૩૦ થી ૧૦.૧૦ કલાક ના રોજ રાજયવ્યાપી "ઓનલાઈ ક્વિઝ" યોજવાનું આયોજન કરવા તથા ૫ ઓક્ટોબર, ૨૦૨૬, સોમવારના રોજ શાળાની પ્રાર્થના સભામાં સંત શિરોમણી શ્રી રવિદાસજીના જીવન કાર્ય અને વિચારો અંગે વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક ઉદ્બોધન કરવામાં આવે, તે અંગે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત દ્વારા સંદરભદર્શિત પત્રથી અત્રે રજૂઆત કરેલ છે.

ઉપર્યુક્ત રજૂઆત પરત્વે નિયામાનુસારની કાર્યવાહી કરવા આપને જણાવામાં આવે છે.

પત્રાનુસાર કાર્યવાહી
8-3
1/10/26

સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક),
કમિશનર શાળાઓની કચેરી,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 5597
તારીખ 01/10/26
કચેરીની સહી.....................

Mannual attached

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત

## વિદ્યાલય શિક્ષા




# સંત શિરોમણી રવિદાસજી

રાષ્ટ્રના હિતમાં શિક્ષા  શિક્ષાનાં હિતમાં શિક્ષક  શિક્ષકના હિતમાં સમાજ

## અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત

# સંત રવિદાસ

## 650મી પ્રાગટ્ય જયંતી



અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘ સંત શિરોમણી શ્રી રવિદાસજીની 650મી પ્રાગટ્ય જયંતીની ઉજવણી નિમિત્તે તેમની મહાન સંત પરંપરા અને ભક્તિ આંદોલનના યોગદાનને સ્મરણ કરે છે તેમજ વિવિધ રીતે વિદ્યાર્થી તથા સમાજ સુધી આ વિષય પણ છે તે માટે સંકલ્પિત છે.

આધ્યાત્મિક રીતે મધ્યકાલીન સંકટના સમયમાં ભક્તિ આંદોલને ભારતીય સમાજમાં આસ્થા, આત્મવિશ્વાસ અને સાંસ્કૃતિક સ્વાભિમાન જગાવી સમાજને એકતાના સૂત્રમાં બાંધ્યો. સંત રવિદાસજીએ પોતાના શ્રમજીવી અને સાત્ત્વિક જીવન દ્વારા ભક્તિ, સેવા, શ્રમની પ્રતિષ્ઠા અને સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો. તેમણે જાતિભેદ, ઊંચ-નીચ અને આડંબરનો વિરોધ કરી આચરણ અને ભક્તિને શ્રેષ્ઠતાની કસોટી ગણાવી.



સંત રવિદાસજીની વાણી અને જીવનનો સંદેશ
**સમાનતા, સમરસતા, રાષ્ટ્રીય એકતા અને આત્મગૌરવ માટે**
આજે પણ એટલો જ પ્રાસંગિક છે. તેમની 650મી પ્રાગટ્ય જયંતી
માત્ર ઉજવણી નહીં, તેમના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ છે.



## સંત શિરોમણી સદ્‌ગુરૂ શ્રી રવિદાસજી
## અને ભક્તિ આંદોલન

સાદગી, શ્રમ, ભક્તિ અને સેવાભાવનું જીવંત પ્રતીક

## "મન ચંગા તો કઠૌતી માં ગંગા"

- સંત રવિદાસજી

**ભક્તિ આંદોલનના મહાન સંત - સમતા, સેવા અને સ્વાભિમાનનો સંદેશ**

રાષ્ટ્રના હિતમાં શિક્ષા    શિક્ષાનાં હિતમાં શિક્ષક    શિક્ષકના હિતમાં સમાજ

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત

## પ્રસ્તાવના

ભારતના મધ્યકાલીન ઇતિહાસમાં 14મીથી 16મી સદીનો સમયગાળો ભારે સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સંકટોથી ભરેલો હતો. વિદેશી આક્રમણો, મંદિરોના વિધ્વંસ, બળજબરીપૂર્વક ધર્માંતરણ, સ્ત્રીઓ પર અત્યાચાર અને ધાર્મિક ગ્રંથોના અપમાનથી સમાજમાં નિરાશા અને અસહાયતાનું વાતાવરણ ઊભું થયું હતું. આવી પરિસ્થિતિમાં સંતપરંપરા અને ભક્તિ આંદોલને ભારતીય સમાજને આધ્યાત્મિક આધાર, આત્મવિશ્વાસ અને સામાજિક એકતાનો માર્ગ બતાવ્યો.

આ સંદર્ભમાં સંત શિરોમણી શ્રી રવિદાસજીનું સ્થાન વિશિષ્ટ છે. તેમણે રામભક્તિ, સમતા, શ્રમની પ્રતિષ્ઠા, સંતોષ, સેવા અને આંતરિક શુદ્ધિને જીવનનો આધાર બનાવ્યો. તેમણે જન્મઆધારિત ઊંચ-નીચનો વિરોધ કરીને ભક્તિનો અધિકાર દરેક મનુષ્ય માટે સમાન ગણાવ્યો.

આ સંક્ષિપ્તિકરણમાં મૂળ ગ્રંથના મુખ્ય પ્રસંગો, વિચારો અને સંદેશને સાત વિભાગોમાં સચિત્ર સંકલિત કરવામાં આવ્યા છે.

## અનુક્રમણિકા


| અ.નં. | વિવરણ | પાના નં. |
|---|---|---|
| 1 | ઐતિહાસિક પૃષ્ઠભૂમિ | પાના નં. 1 |
| 2 | સ્વામી રામાનંદજી અને ભક્તિનો સમરસ માર્ગ | પાના નં. 2 |
| 3 | સંત રવિદાસજીનું બાળપણ અને આધ્યાત્મિક ઘડતર | પાના નં. 3 |
| 4 | સાદગી, શ્રમ અને નિઃસ્પૃહ જીવન | પાના નં.4 |
| 5 | જાતિભેદનો વિરોધ અને સામાજિક સમરસતા | પાના નં. 5 |
| 6 | "મન ચંગા તો કઠૌતીમાં ગંગા" અને સેવા | પાના નં. 6 |
| 7 | મુખ્ય ઉપદેશો, મહત્વ અને ઉપસંહાર | પાના નં. 7 |
| 8 | સંત શિરોમણી શ્રી રવિદાસજી અને ભકિત આંદોલન-100 પ્રશ્નોની ક્વિઝ | પાના નં. 8 થી 15 |
| 9 | રવિદાસજીના જીવનદર્શનનો મુખ્ય સાર | પાના નં. 16 |

રાષ્ટ્રના હિતમાં શિક્ષા    શિક્ષાનાં હિતમાં શિક્ષક    શિક્ષકના હિતમાં સમાજ

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત

## ઐતિહાસિક પૃષ્ઠભૂમિ



મૂળ ગ્રંથ મુજબ આ સમયગાળામાં મંદિરો તોડવામાં આવતાં, ધર્માંતરણ માટે બળજબરી થતી, સ્ત્રીઓના અપહરણ અને અત્યાચાર થતા તથા ધર્મગ્રંથોને નુકસાન પહોંચાડવામાં આવતું. રાજાઓ વચ્ચેના આંતરિક સંઘર્ષને કારણે સામાન્ય પ્રજાની મુશ્કેલીઓ વધતી હતી. આવા અંધકારમય વાતાવરણમાં સંતોએ 'રામનામ' અને ભક્તિના માધ્યમથી સમાજમાં નવી ચેતના જગાવી.

તુલસીદાસ, સૂરદાસ, ચૈતન્ય મહાપ્રભુ, રામાનંદ, રામાનુજાચાર્ય, કબીર અને રવિદાસ જેવા સંતોએ ભક્તિને લોકજીવન સાથે જોડીને સમાજને એક તાંતણે બાંધવાનો પ્રયત્ન કર્યો. રવિદાસ આ સંતપરંપરાના તેજસ્વી મણકા તરીકે પ્રગટ્યા.

## સંત રવિદાસનો સંદેશ

**" ધર્મ, ભક્તિ અને માનવતા - ઈશ્વર એક છે."**

ઘોર અંધકારના આ યુગમાં સંતોએ ભક્તિનો દીવો પ્રગટાવીને સમાજને એકતા અને સત્યનો માર્ગ બતાવ્યો."

સંત રવિદાસે ભક્તિ, સમતા અને એકતાનો સંદેશ આપ્યો.

તેમણે દરેક સમાજને એક કર્યો અને ધર્મની રક્ષા માટે ભક્તિનો દીવો પ્રગટાવ્યો.



રાષ્ટ્રના હિતમાં શિક્ષા          શિક્ષાનાં હિતમાં શિક્ષક          શિક્ષકના હિતમાં સમાજ

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત

## સ્વામી રામાનંદજી અને ભક્તિનો સમરસ માર્ગ



સંત રવિદાસજીના વિચાર અને જીવનને સમજવા માટે તેમના ગુરુ સ્વામી રામાનંદજીનું કાર્ય સમજવું જરૂરી છે. મૂળ ગ્રંથ મુજબ રામાનંદજી પ્રયાગમાં જન્મેલા અને બાળપણથી જ ધાર્મિક ગ્રંથોના અભ્યાસમાં પ્રવીણ હતા. કાશીમાં રાઘવાનંદજી પાસેથી દીક્ષા લઈને તેમણે તપ, ધ્યાન અને અધ્યયન કર્યું તથા સમગ્ર દેશનો પ્રવાસ કર્યો.

રામાનંદજી ક્રાંતિકારી સમાજસુધારક તરીકે ઊભા રહ્યા. તેમણે ઊંચ-નીચ અને અસ્પૃશ્યતાનો વિરોધ કર્યો અને ભક્તિના દ્વાર તમામ જાતિ, વર્ણ તથા સ્ત્રી-પુરુષ માટે ખુલ્લા રાખ્યા.

**"હરિ કો ભજે સો હરિ કા હોય, જાત પાત પૂછે નહીં કોય."**

તેમના મતે ભગવાનની શરણમાં આવેલા મનુષ્ય માટે જાતિ કે કુળના બંધનનો કોઈ અર્થ નથી. ભક્તિ કોઈ એક જાતિની જાગીર નથી.

રામાનંદજીએ સમાજરક્ષણ માટે મઠો અને અખાડાઓની સ્થાપના કરી, જ્યાં મંદિરરક્ષણ અને રામભક્તિનો પ્રચાર થતો. મૂળ ગ્રંથમાં 1315 ઈ.સ.માં ધર્મભ્રષ્ટ થયેલા લોકોને પુનઃદીક્ષા આપવાનો પ્રસંગ પણ વર્ણવાયો છે.

## રામાનંદજીના મુખ્ય શિષ્યો




આ બાર મુખ્ય શિષ્યો દ્વારા ભક્તિ, સમાજસેવા અને સમરસતાનો સંદેશ વિવિધ પ્રદેશોમાં પહોંચ્યો. રવિદાસ સહિતના શિષ્યોને અલગ-અલગ પ્રદેશોમાં રહી રામનામ અને સામાજિક સમરસતાનો પ્રચાર કરવાની આજ્ઞા મળી. આ રીતે ભક્તિની ધારા સમગ્ર દેશમાં વિસ્તરી.

## સંત રવિદાસજીનું બાળપણ અને આધ્યાત્મિક ઘડતર



- મૂળ ગ્રંથ અનુસાર રવિદાસજીનો જન્મ સંવત 1433ની મહાસુદ પૂનમના દિવસે કાશી નજીક માંડુર ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ રઘુ અને માતાનું નામ કરમાદેવી હતું. પરિવારનો વ્યવસાય ચામડાં સાથે સંકળાયેલો હતો.
- બાળપણથી જ રવિદાસજી સાધુસંતોની સંગતિ, ભજન, કીર્તન અને રામભક્તિમાં રસ લેતા. તેઓ માતા સાથે ગંગાસ્નાન અને રામપૂજામાં જતા તથા પંચગંગા ઘાટ પર રામાનંદજીના સત્સંગમાં જોડાતા.
- આસપાસ જોવા મળતી અસ્પૃશ્યતા અને જાતિભેદે બાળ રવિદાસના મનમાં પ્રશ્ન જગાવ્યો કે જો ભગવાન સૌના હૃદયમાં વસે છે, તો મનુષ્યોમાં ભેદ કેમ?
- મૂળ ગ્રંથમાં તેમના જન્મ સાથે જોડાયેલી પરંપરાગત કથાઓ પણ આપવામાં આવી છે, જેમાં પૂર્વજન્મ અને રામાનંદજી સાથેના સંબંધનો ઉલ્લેખ છે. આ કથાઓને ગ્રંથ ભક્તિપરંપરાના સંદર્ભમાં રજૂ કરે છે.

### જ્ઞાન અને ભક્તિ





- લગભગ બાર વર્ષની ઉંમરે રવિદાસજીને વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ગીતા, ભાગવત અને પુરાણો વિશે સારી જાણકારી હતી.
- તેઓ બહારના ઔપચારિક શિક્ષણ કરતાં સત્સંગ અને આધ્યાત્મિક અનુભવને વધુ મહત્વ આપતા.
- રામાનંદજીના સાનિધ્યથી સામાજિક અપમાનથી જન્મેલી હીનભાવના દૂર થઈ અને ચિત્ત નિર્મળ બન્યું.
- તેઓ પ્રખર રામભક્ત બન્યા. તેમના જીવનમાં ભક્તિ અને સેવા માત્ર ઉપદેશ નહોતા, પરંતુ દૈનિક આચરણ હતા.

### ગૃહસ્થ જીવનમાં ભક્તિ

- પિતાની ઇચ્છાથી રવિદાસજીને વ્યવસાયમાં જોડવામાં આવ્યા અને તેમના લગ્ન લોનાદેવી સાથે થયા.
- છતાં ભક્તિ, સત્સંગ અને સાધુસેવામાં કોઈ ઘટાડો થયો નહીં.
- તેઓ ચામડાના જોડા બનાવતા અને કમાણીમાંથી સાધુસંતોની સેવા કરતા.
- લોનાદેવીએ પણ તેમની સાધનામાં સહયોગ આપ્યો.

## સાદગી, શ્રમ અને નિઃસ્પૃહ જીવન



"જેની પાસે શક્તિ છે ત્યાં સુધી પરિશ્રમપૂર્વક નીતિથી કમાણી કરી પોતાનું ગુજરાન ચલાવવું જોઈએ.

શ્રમ એ જ ઈશ્વરની સેવા છે."

- રવિદાસજીનું જીવન અત્યંત સાદું હતું. પિતાએ તેમને અલગ ઝૂંપડીમાં રહેવાની વ્યવસ્થા કરી, પરંતુ આથી તેમને વધુ સ્વતંત્રતા મળી અને તેઓ ભજન, સત્સંગ અને સાધુસેવામાં વધુ સમય આપી શક્યા.
- તેઓ જોડા સીવતા અને ભજન કરતા. ગરીબી હોવા છતાં તેમના જીવનમાં સંતોષ અને આંતરિક શાંતિ હતી.
- તેમની નિઃસ્પૃહતા દર્શાવતો પારસમણિનો પ્રસંગ મૂળ ગ્રંથમાં આવે છે. એક સાધુએ ગરીબી દૂર કરવા પારસમણિ આપ્યો, પરંતુ રવિદાસજીએ તેને સ્વીકારવાની ઈચ્છા દર્શાવી નહીં. સાધુએ તેને ઝૂંપડીમાં મૂકી દીધો. ઘણા સમય પછી પણ રવિદાસજીએ તેને સ્પર્શ કર્યો નહોતો. આ પ્રસંગ તેમના વૈરાગ્ય અને ધનથી નિર્લિપ્તતાનું પ્રતીક છે.

### ધનનો ઉપયોગ લોકસેવામાં

પછી સોનામહોરો મળ્યાનો પ્રસંગ વર્ણવાય છે. રવિદાસજીએ વ્યક્તિગત વૈભવ માટે ધનનો ઉપયોગ કર્યો નહીં; સત્સંગભવન, ધર્મશાળા, હરિમંદિર અને ભક્તો માટે ભોજન જેવી સેવાકીય પ્રવૃત્તિઓમાં તેનો ઉપયોગ કર્યો. તેમ છતાં જીવનનિર્વાહ માટે જોડા સીવવાનું કામ ચાલુ રાખ્યું.





### શ્રમની પ્રતિષ્ઠા

રવિદાસજી શ્રમસાધનાના મોટા સમર્થક હતા. તેઓ મજૂરી અને મહેનતને તપસ્યા સમાન માનતા. પોતાની શક્તિ પ્રમાણે નીતિપૂર્વક મહેનત કરીને જીવનનિર્વાહ કરવો જોઈએ અને શ્રમને ઈશ્વરની સેવા માનવી જોઈએ — એવો તેમનો જીવનસંદેશ હતો.

**શ્રમ એજ પૂજા,**
**શ્રમ એ જ સાધના,**
**શ્રમ એ જ ઈશ્વરની સેવા.**



# જાતિભેદનો વિરોધ અને સામાજિક સમરસતા

- રવિદાસજીના જીવન અને વાણીનો સૌથી મહત્વનો વિષય સામાજિક સમરસતા છે.
- કાશીના કેટલાક પંડિતોએ તેમના ધર્મોપદેશનો વિરોધ કર્યો, કારણ કે તેઓ નીચી જાતિમાં જન્મેલા હોવા છતાં ધાર્મિક પ્રવચન કરતા હતા.
- રાજદરબારમાં થયેલી ચર્ચામાં રવિદાસજીએ સ્પષ્ટ કર્યું કે ભગવાનની ભક્તિ પર કોઈ જાતિનો એકાધિકાર નથી.
- તેમણે સમજાવ્યું કે સૌના શરીર પંચમહાભૂતોથી બનેલા છે અને સૂર્ય તથા વાયુ કોઈ ભેદભાવ રાખતા નથી.
- જન્મથી કોઈ મનુષ્ય નીચો કે ઊંચો નથી; માણસની ઓળખ તેના કર્મ અને આચરણથી થવી જોઈએ.



રાજદરબારમાં સત્યની કસોટી — ભક્તિની પ્રામાણિકતા સિદ્ધ થઈ.

**"પ્રભુભક્તિ કોઈ ઊંચ કે નીચ જાતિનો ઈજારો નથી; રાજા-રંક, વિદ્વાન-અભણ, નર-નારી સૌનો સમાન અધિકાર છે."**

મૂળ ગ્રંથમાં મૂર્તિ-ભક્તિ અંગેની પરીક્ષાનો પ્રસંગ પણ છે, જેમાં રવિદાસજીની ભક્તિની પ્રામાણિકતા સામે આડંબર નિષ્ફળ જાય છે. આ પ્રસંગોનો મુખ્ય ભાવ એ છે કે સાચી ભક્તિ હૃદયની નિષ્ઠાથી જન્મે છે.







## પરાધીનતા અને સ્વાભિમાન

રવિદાસજી પરાધીનતાને પાપ સમાન ગણાવતા અને સ્વતંત્રતાના મૂલ્ય પર ભાર મૂકતા. તેમનો સંદેશ માત્ર વ્યક્તિગત ભક્તિ પૂરતો સીમિત નહોતો; તેમાં સ્વાભિમાન, સામાજિક એકતા અને માનવમર્યાદાનો વિચાર પણ હતો.

**"પરાધીનતા પાપ છે..."**

તેમણે સ્પષ્ટ કર્યું કે અધમ જાતિમાં જન્મવું નીચપણાનું લક્ષણ નથી;
પાખંડ, ઢોંગ, સ્વાર્થ અને બીજાને છેતરવું સાચું નીચપણું છે.



## "મન ચંગા તો કઠૌતીમાં ગંગા" અને સેવા

- રવિદાસજીની ભક્તિમાં બાહ્ય તીર્થ કરતાં આંતરિક પવિત્રતાને વિશેષ સ્થાન છે.
- ગંગાસ્નાન અંગેના પ્રસંગમાં તેમણે કહ્યું:

  **"મન ચંગા તો કઠૌતીમાં ગંગા."**
- અર્થાત્ : મન શુદ્ધ હોય તો પોતાના કાર્યસ્થળે પણ પવિત્રતાનો અનુભવ થઈ શકે છે.
- આ વિચાર તેમની સમગ્ર સાધનાનો સાર છે. ભગવાનની પ્રાપ્તિ માટે મનની નિર્મળતા, સત્ય, સેવા અને ભક્તિ જરૂરી છે.




## રાજપરિવાર અને સંતપરંપરામાં સ્વીકાર

- મૂળ ગ્રંથ મુજબ મેવાડની ઝાલી રાણી રવિદાસજીથી પ્રભાવિત થઈ તેમને ગુરુરૂપે સ્વીકારવા ઇચ્છતી હતી.
- રામાનંદી ભક્તિપરંપરાના સમરસ વિચારથી પ્રેરાઈ રાજપરિવાર સુધી તેમની પ્રતિષ્ઠા પહોંચી.
- ચિત્તોડમાં પણ તેમની ભક્તિ અને આધ્યાત્મિક પ્રભાવનો ઉલ્લેખ થાય છે.
- મૂળ ગ્રંથમાં કબીર, સેન, ધન્ના અને ગુરુ નાનકદેવ જેવા સંતો રવિદાસજીના વ્યક્તિત્વ અને વિચારોથી પ્રભાવિત થયાનો ઉલ્લેખ છે.
- ગુરુ ગ્રંથ સાહિબમાં રવિદાસજીની વાણીનો સમાવેશ થયેલો હોવાનું પણ ગ્રંથ જણાવે છે.





## વિરોધ વચ્ચે અડગતા

- સિકંદર લોદીના સમયમાં પણ રવિદાસજીને રામનામનો પ્રચાર બંધ કરવાની આજ્ઞા આપવામાં આવી હતી. પરંતુ તેમણે ના પાડી. ગ્રંથમાં તેમની અડગતા અને આધ્યાત્મિક પ્રભાવ દર્શાવતો હાથીવાળો પ્રસંગ વર્ણવાય છે.
- ગુરુ ગ્રંથ સાહિબમાં રવિદાસજીની વાણીનો સમાવેશ થયેલો હોવાનું પણ ગ્રંથ જણાવે છે.

## અડગ સેવા અને અંતિમ સમય

- વૃદ્ધાવસ્થામાં પણ તેઓ ભજન, કીર્તન અને પ્રવચન કરતા રહ્યા.
- ચિત્તોડમાં વિરોધ છતાં તેમણે પોતાના આધ્યાત્મિક સંદેશથી પીછેહઠ કરી નહીં.
- મૂળ ગ્રંથ મુજબ સંવત 1584ના વૈશાખ સુદ ચોથના દિવસે તેઓ બ્રહ્મલીન થયા.

# મુખ્ય ઉપદેશો, ભક્તિ આંદોલનનું મહત્વ અને વર્તમાન પ્રાસંગિકતા

## રવિદાસજીના મુખ્ય ઉપદેશો

- **સર્વજન માટે ભક્તિ:** ભગવાનની ભક્તિ પર કોઈ જાતિ, વર્ણ કે વર્ગનો એકાધિકાર નથી.
- જાતિભેદનો વિરોધ: જન્મ કરતાં કર્મ, આચરણ અને ભક્તિને મહત્વ આપવું.
- **આંતરિક શુદ્ધિ:** બાહ્ય આડંબર કરતાં મનની પવિત્રતા વધુ મહત્વપૂર્ણ.
- **શ્રમની પ્રતિષ્ઠા:** ઈમાનદાર મહેનતથી જીવનનિર્વાહ કરવો અને શ્રમને સાધના માનવી.
- **સેવા અને સંતોષ:** વ્યક્તિગત સંપત્તિ કરતાં સમાજસેવા, સાધુસેવા અને લોકકલ્યાણને પ્રાધાન્ય.
- સ્વાભિમાન અને સ્વતંત્રતા: પરાધીનતા સામે માનવમર્યાદા અને સ્વતંત્રતાની ભાવના જાળવવી.
- **સમરસ સમાજ:** ભેદભાવ દૂર કરીને સૌને માનવ તરીકે સમાન સન્માન આપવું.



## ભક્તિ આંદોલનનું વ્યાપક મહત્વ

મૂળ ગ્રંથના દૃષ્ટિકોણથી ભક્તિ આંદોલન માત્ર ધાર્મિક પ્રવાહ નહોતો. સંતોએ લોકભાષા, ભજન, કીર્તન અને સત્સંગ દ્વારા સામાન્ય જન સુધી આધ્યાત્મિક વિચારો પહોંચાડ્યા. રામાનંદજી અને તેમના શિષ્યો દ્વારા સમતા, સેવા અને ભક્તિનો સંદેશ પ્રદેશોથી પ્રદેશોમાં ફેલાયો. આથી સામાજિક આત્મવિશ્વાસ અને સાંસ્કૃતિક ચેતનાને બળ મળ્યું.

## ઉપસંહાર

- સંત શિરોમણી શ્રી રવિદાસજીનું જીવન બતાવે છે કે મહાનતા જન્મથી નહીં, પરંતુ વિચારો, આચરણ, શ્રમ, સેવા અને ભક્તિથી પ્રાપ્ત થાય છે.
- તેમની ઝૂંપડી જ્ઞાન અને સમરસતાનું કેન્દ્ર બની.
- તેમનું વ્યવસાયસ્થળ સાધના બની ગયું અને તેમની વાણી સમાજસુધારણાનો સંદેશ બની.



આજે પણ જાતિ, વર્ગ અને ભેદભાવના આધારે સમાજમાં વિભાજન ઊભું થાય ત્યારે રવિદાસજીનો સમરસતાનો સંદેશ પ્રાસંગિક છે. "મન ચંગા તો કઠૌતીમાં ગંગા" આપણને આંતરિક શુદ્ધિનું સ્મરણ કરાવે છે, જ્યારે તેમની શ્રમસાધના અને સેવા આપણને ઈમાનદાર મહેનત અને લોકકલ્યાણ તરફ દોરી જાય છે.

# સાર:

## રવિદાસજીના જીવનદર્શનનો મુખ્ય સાર

૧ રામનામ
૨ સમરસતા
૩ સંતોષ
૪ સેવા
૫ શ્રમ
૬ આંતરિક શુદ્ધિ



રામનામ, સમરસતા, શ્રમ, સેવા, સંતોષ અને આંતરિક શુદ્ધિ - આ છ આધારસ્તંભો રવિદાસજીના જીવનદર્શનનો મુખ્ય સાર છે. તેમનું જીવન માત્ર ભક્તિનો ઈતિહાસ નથી, પરંતુ સમાનતા, માનવમર્યાદા, સ્વાભિમાન અને સામાજિક એકતાનો જીવંત સંદેશ છે.

卐

# જય સંત રવિદાસ

પ્રકાશક
અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત (ABRSM)

"સા વિદ્યા યા વિમુક્તયે"

સંત શિરોમણિ શ્રી રવિદાસજીની જન્મ જયંતિ અંતર્ગત

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - ગુજરાત

દ્વારા યોજાનાર

## ✿ ઓનલાઈન મેગા ક્વિઝ ✿

## જિલ્લા વાઇઝ ભાઈઓ તથા બહેનો સંયોજકોની સૂચિ

📅 તારીખ : 04/10/2026, રવિવાર

◆ ઉત્તર સંભાગ ◆

1) મહેસાણા

ભાઈ સંયોજક : ગૌતમભાઈ રાવલ

9426370266

બહેન સંયોજક : યોગીનીબેન

+91 99257 65677

2) પાટણ

ભાઈ સંયોજક : ધનરાજભાઈ ઠક્કર

9998946658

👩 બહેન સંયોજક : મનિષાબેન પટેલ

📱 +91 98242 85857

3) બનાસકાંઠા

👨 ભાઈ સંયોજક : વિષ્ણુભાઈ મોદી

📱 7043522006

👩 બહેન સંયોજક : વૈશાલીબેન અડાજા

📱 +91 81413 56584

4) સાબરકાંઠા

👨 ભાઈ સંયોજક : મહેશભાઈ ભટ્ટ

📱 9925856601

👩 બહેન સંયોજક : પ્રતીક્ષાબેન પટેલ

📱 9904081683

5) અરવલ્લી

👨 ભાઈ સંયોજક : મહેશભાઈ પટેલ

📱 9099019325

👩 બહેન સંયોજક : —

---

◆ મધ્ય ગુજરાત–1 ◆

1) અમદાવાદ શહેર

👨 ભાઈ સંયોજક : બચ્ચાસિંહ રાજપૂત

📱 9825083169

👩 બહેન સંયોજક : નીલમબેન તિવારી

📱 +91 84602 52243

2) અમદાવાદ ગ્રામ્ય

👦 ભાઈ સંયોજક : સંજયભાઈ પટેલ

📱 9429359559

👩 બહેન સંયોજક : તૃષાબેન ખાંભળજા

📱 +91 98797 95780

3) આણંદ

👦 ભાઈ સંયોજક : ચિરાગભાઈ પટેલ

📱 9427681604

👩 બહેન સંયોજક : ક્રિષ્ટીનાબેન પરમાર

📱 9265153114

4) ખેડા

👦 ભાઈ સંયોજક : ગૌરવભાઈ જોષી

📱 9824983676

👩 બહેન સંયોજક : પારુલબેન દેવમુરારી

📱 +91 99790 85886

5) ગાંધીનગર શહેર

👦 ભાઈ સંયોજક : વિપુલભાઈ પટેલ

📱 9426356137

👩 બહેન સંયોજક : મેધાબેન વ્યાસ

📱 8401033043

6) ગાંધીનગર ગ્રામ્ય

👨 ભાઈ સંયોજક : કે. કે. ડોડીયા

📱 7016509977

👩 બહેન સંયોજક : જિગ્નાબેન ભટ્ટ

📱 9998685591

---

◆ મધ્ય ગુજરાત-2 ◆

1) ભરૂચ

👨 ભાઈ સંયોજક : મયુરસિંહ ગોઠાણા

📱 99259 21755

👩 બહેન સંયોજક : —

2) પંચમહાલ

👨 ભાઈ સંયોજક : કલ્પેશભાઈ પટેલ

📱 9879310946

👩 બહેન સંયોજક : મીરાબેન સાદરીયા

📱 9974443027

3) દાહોદ

👨 ભાઈ સંયોજક : રાકેશભાઈ ખાબડ

📱 91067 83806

👩 બહેન સંયોજક : અલ્પાબેન પંડ્યા

📱 9409079364

4) મહીસાગર

👨 ભાઈ સંયોજક : સંજયભાઈ પટેલ

📱 9537988366

👩 બહેન સંયોજક : પુનમબેન કનાડા

📱 8780351955

5) વડોદરા શહેર

👨 ભાઈ સંયોજક : સુનિલભાઈ પઢીયાર

📱 9998012847

👩 બહેન સંયોજક : મીતાકુમારી પંચાલ

📱 9925632899

6) વડોદરા ગ્રામ્ય

👨 ભાઈ સંયોજક : નરેન્દ્રસિંહ આટોદરિયા

📱 9925059431

👩 બહેન સંયોજક : દર્શનાબેન પંચાલ

📱 9426526041

7) નર્મદા

👨 ભાઈ સંયોજક : રજનીકાંત રાજ

📱 99982 79734

👩 બહેન સંયોજક : સુનયનાબેન વસાવા

📱 7875113388

8) છોટા ઉદેપુર

ભાઈ સંયોજક : બાબુભાઈ રાઠવા

83476 54216

બહેન સંયોજક : વાસંતીબેન પરમાર

9714350655

---

◆ સૌરાષ્ટ્ર–1 ◆

1) રાજકોટ

ભાઈ સંયોજક : સાગર પોપટ

8733037361

બહેન સંયોજક : કવિતાબેન પાઠક

+91 96625 23488

2) સુરેન્દ્રનગર

ભાઈ સંયોજક : ભગીરથસિંહ રાણા

9512660999

બહેન સંયોજક : મનાલીબેન પંડ્યા

9909334332

3) મોરબી

ભાઈ સંયોજક : ભાવેશભાઈ જીવાણી

9712046865

👩 બહેન સંયોજક : —

4) જામનગર

👨 ભાઈ સંયોજક : હંસરાજભાઈ

📱 9909146976

👩 બહેન સંયોજક : વનીતાબેન ભંડેરી

📱 9427771004

5) દેવભૂમિ દ્વારકા

👨 ભાઈ સંયોજક : ઘેલુભાઈ છુછાર

📱 9825297197

👩 બહેન સંયોજક : —

6) કચ્છ

👨 ભાઈ સંયોજક : અલ્પેશભાઈ જાની

📱 9879600488

👩 બહેન સંયોજક : પૂજાબેન જોષી

📱 9913688543

---

◆ સૌરાષ્ટ્ર-2 ◆

1) ભાવનગર

👨 ભાઈ સંયોજક : સંજયભાઈ ભટ્ટ

📱 +91 94274 96008

🙂 બહેન સંયોજક : ચંદ્રિકાબેન ચૌહાણ

📱 8200588230

2) બોટાદ

🙂 ભાઈ સંયોજક : જુવાનસિંહ પરમાર

📱 9723701992

🙂 બહેન સંયોજક : વિરલબેન પટેલ

📱 9824183301

3) અમરેલી

🙂 ભાઈ સંયોજક : રામભાઈ કેશવાલા

📱 9376296677

🙂 બહેન સંયોજક : સુમિત્રાબેન બગથરીયા

📱 +91 97141 21545

4) જૂનાગઢ

🙂 ભાઈ સંયોજક : જયદેવભાઈ સિસાંગિયા

📱 9429375441

🙂 બહેન સંયોજક : મનિષાબેન

📱 73590 66502

5) ગીર સોમનાથ

🙂 ભાઈ સંયોજક : પી. એમ. મોરી

📱 9276206637

🙂 બહેન સંયોજક : નીમુબેન ચાવડા

📱 8347121185

6) પોરબંદર

👨 ભાઈ સંયોજક : મયુરસિંહ

📱 9428087717

👩 બહેન સંયોજક : —

---

◆ દક્ષિણ સંભાગ ◆

1) સુરત શહેર

👨 ભાઈ સંયોજક : નિલેશભાઈ જોષી

📱 8200946776

👩 બહેન સંયોજક : ઋચાબેન વ્યાસ

📱 +91 70437 34919

2) સુરત ગ્રામ્ય

👨 ભાઈ સંયોજક : યોગેશભાઈ રાવલ

📱 9879375810

👩 બહેન સંયોજક : જલ્પાબેન ઉપાધ્યાય

📱 +91 94287 85838

3) ડાંગ

👨 ભાઈ સંયોજક : અનિલભાઈ વાઘ

📱 8200042733

👩 બહેન સંયોજક : —

4) નવસારી

👨 ભાઈ સંયોજક : અમીતભાઈ પરમાર

📱 7600551018

👩 બહેન સંયોજક : —

5) વલસાડ

👨 ભાઈ સંયોજક : દિપકભાઈ

📱 9712957772

👩 બહેન સંયોજક : દર્શનાબેન કનાડા

📱 94268 48604

6) તાપી

👨 ભાઈ સંયોજક : રુવીશભાઈ ગામીત

📱 9726568020

👩 બહેન સંયોજક : રેલુતાબેન વસાવા

📱 9913462519